જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૭/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૬૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી ૧૫૯ લીટર દેશી કબજે કર્યો હતો. તેમજ જુગારધારા મુજબ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૬૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૯ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૩૬૩/૧૬

**દાણીલીમડા : સુનીલ શાંતીલાલ મેકવાન** (રહે.વિઠ્ઠલનગર, બાબુનગરની બાજુમાં, દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૭/૧૬ બપોરનાં ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી સ્કુલે જવાનાં રસ્તામાંથી પોતાની ભત્રીજી સ્નેહલ (ઉ.વ.૧૬) ને આરોપી અંકિત ઉર્ફે બંટી (રહે.ગોળલીમડા, ભજીયા હાઉસની પાછળ, અંજુમન સ્કુલની પાછળ, ખમાસા) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.કે.રાણા ચલાવે છે.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૧૩૬૪/૧૬

**સાબરમતી : રમાબહેન ચીમનલાલ ઠક્કર** (ઉ.વ.૭૫) (રહે.અંબાલાલ પાર્ક સોસાયટી, પારસમણી ફ્લેટની બાજુમાં, જવાહરચોક, સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૭/૧૬ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) રમાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ઉદેસિંહ ગુમાનસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૩૬૫/૧૬**

**સોલા હાઇકોર્ટ** : **ગગનભાઇ સુભાષજી ભુટાની** (રહે.સીધ્ધી વીનાયક આઇ.સી.બી.પાર્ક, વંદેમાતરમ ગોતા સોલા હાઇકોર્ટ) એ તા.૨૬/૭/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૭/૧૬ સાંજના ૭/૩૦ થી તા.૨૫/૭/૧૬ રાતનાં ૯/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના, ઘડીયાળ નંગ-૩ અને રોકડ રૂપિયા ૧૯,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૩૬૬/૧૬**

**વસ્ત્રાપુર** : **નૈમેશભાઈ નાનુભાઈ પટેલ (રહે,શ્રીજી ફલેટ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા)** એ તા.૨૬/૭/૧૬ નાં રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૭/૧૬ સાંજનાં ૬/૦૦ થી તા.૨૫/૭/૧૬ ના કલાક ૧૦/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન **વસ્ત્રાપુર ડ્રાઈવિંગ રોડ, ગુરુકુળ મંદિર ની બાજુમાં આવેલ મદદનીશ ખેતી નિયામક (વિસ્તરણ)શ્રીની ઓફીસમાંથી ડેલ કંપનીનુ કોમ્પ્યુટર, મોનિટર, સી.પી.યુ, યુપીએસ બેટરી કુલ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ છે.** આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી **એ.ડી.પરમાર** ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૩૬૭/૧૬**

**ખોખરા** : **પંકજભાઇ અશોકભાઇ પંચાલ** (રહે.સઇશેરી મ્યુ.ગાર્ડનની સામે, ખોખરા) એ તા.૧૮/૭/૧૬ કલાક ૨/૩૦ વાગે ખોખરા જોગણીમાતાનાં મંદિરની બાજુમાં, જય જગદીશ એપાર્ટમેન્ટની નજીક પોતાની ઇકો ગાડી નંબર જીજે.૨૭.વી.૪૫૪૮ જેમાં મુકેલ મોબાઇલ સાથે કુલ કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી કલાક ૪/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ પંકજભાઇ પંચાલે તા.૨૬/૭/૧૬ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે, આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

**રેલીંગ ઉપરથી નીચે પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૩૬૮/૧૬**

**શહેરકોટડા** : **અનીલ રામપ્રકાશ શાહુ** (ઉ.વ.૨૨) (રહે.નરનારાયણ એસ્ટેટ, શેડ નં.૭, લુબી કંપનીની બાજુમાં, મેમ્કો) તા.૨૫/૭/૧૬ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે નરનારાયણ એસ્ટેટ, શેડ નં.૭ ખાતેની કંપનીમાં રેલીંગ ઉપર બેઠો હતો ત્યારે રેલીંગ ઉપરથી નીચે પડી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માતમોત નોધી આ અંગેની તપાસ મસઈશ્રી ગણપતસિંહ વખતસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>કરંટ લાગતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૬૯/૧૬</u>**

**વેજલપુર : સંજયભાઇ (જેનાં પુરા નામ સરનામાની ખબર નથી)** તા.૨૫/૭/૧૬ સાંજના ૭/30 વાગ્યાના વેજલપુર જુહાપુરા, કાજલપાર્ક સોસાયટી પાસે, પ્લોટ નં.૪૬ ખાતે આવેલ મકાનમાં ઇલેક્ટ્રીક મશીન વડે લોખંડનાં સળીયા કાપવાનું કામ કરતાં હતા ત્યારે કરંટ લાગતાં સંજયભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.પી.ચૌધરી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)